આત્મનિર્ભર ભારતનું પ્રતિબિંબ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

Amul The Taste of India

Dudhsagar The Pride of India

અંક - ૦૧ | જુલાઈ - ૨૦૨૧

www.dudhsagardairy.coop | twitter.com/dudhsagardairy | dudhsagardairyofficial | youtube.com/c/DudhsagardairyCoop

## પશુપાલક હિત રક્ષક સમિતિની ૭ વર્ષની તપસ્યાએ આખરે તક્ષ પલટ્યો

# દૂધસાગરના ચૂંટણી જંગમાં

# સરવાળે પશુપાલકોની જીત



## મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી)ના સહકારી ક્ષેત્રના આકાશમાં અશોક ચૌધરી નામના સૂર્યનો ઉદય

(વિશેષ અહેવાલ : દૂધસાગર પત્રિકા)

શ્રદ્ધેય સ્વ. માનસિંહભાઇ પટેલ અને સ્વ. મોતીભાઇ ચૌધરીના ચેરમેન પદ નીચે પોતાની એક સહકારી સંસ્થાની ગરિમાને અકબંધ રાખી ચાલતી દૂધસાગર ડેરી દેશ અને દુનિયામાં અનેક કિર્તીમાનો પોતાના નામે સ્થાપિત કરતી આ વિસ્તારના લાખો પશુપાલકાને સન્માન સભર જીવનધોરણનું નિર્માણ કરવામાં પોતાનું યોગદાન આપતી આવી છે. સ્વ. મોતીભાઇ સાહેબના અવસાન બાદ વિતેલા પંદર વર્ષોમાં એક વહીવટીય શૂન્યવકાશ બાદ દૂધસાગર અને તેનો પ્રાણદાતા પશુપાલક જાણે ભૂલાઇ ગયો હોય તેવા સંજોગોનું સતત નિર્માણ થતું રહ્યું !! એક અસંતોષ ગામડા ગામનાં પશુપાલકોમાં સતત વધતો ગયો ... એની રાત-દિવસની કાળી મજૂરીના અંતે એને મળવા જેટલો હક જાણે છીનવાતો હોય તેવા વાતાવરણનું સ્વંયભૂ નિર્માણ થયું. આ સમય દરમિયાન સત્તાધિશો કરતાં અધિકારીઓના સામ્રાજ્યની સ્થાપના થઇ ... દૂધસાગરની દરેક ખરીદીઓમાં વચોટીયાઓએ પોતાનું આધિપત્ય સ્થાપિત કર્યું. વહીવટમાંથી પશુપાલકોનું હિત અને પારદર્શીતા જાણે અલોપ થઇ ગયા. જરૂરિયાત વિનાની અણઘડ ખરીદી અને માજા મુકી દે તેવા નફાથી કોન્ટ્રાક્ટરોને કામ અપાયા. દૂધસાગરના ભવિષ્યના ભોગે વર્તમાનને ભોગવી લેવાની વહીવટદારોની વૃત્તિ ખતરનાક સાબિત થતી ગઇ અને અંતે ... પશુપાલકો માટે તિર્થધામ સમાન દૂધસાગર કરોડો રૂપિયાના દેવાનાં ભાર નીચે ગૂંગળામણ અનુભવવા લાગી ! દશ-દશ વર્ષો સુધી દૂધના સતત ઓછા મળતા ભાવોને પરિણામે પશુપાલકો આ વ્યવસાયથી ધીમે ધીમે અલગ થવા લાગ્યા. ખાનગી ડેરીઓનો ચોર પગલે આ વિસ્તારમાં પ્રવેશ થતો ગયો ! અને, એક હતાશા અને નિરાશાનું વાતાવરણ પશુપાલકો અને દૂધસાગરના શુભચિંતકોના મનોસામ્રાજય ઉપર કબ્જો કરતું ગયું ત્યારે ‘ જરૂરિયાત આવિષ્કારની જનની છે ’ તે ન્યાયે " દૂધસાગર બચાવો " વિચારધારાનો જન્મ થયો અને કેટલાક મુઠ્ઠી ઊંચેરા માનવીઓએ " ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે " ની અદાથી અન્યાય સામે ઝઝૂમી લેવાની પ્રબળ ભાવના સાથે " દૂધસાગર હિત રક્ષક સમિતિ" ના નેજા હેઠળ પશુપાલક જાગૃતિ અભિયાનનું બ્યૂગલ ફૂંક્યું અને શરૂ થઇ એક લડાઇ : અસત્ય સામે સત્યની !! સ્વસ્થ વિચારધારા સાથે શરૂ થયેલા આ અભિયાનમાં કોઇનો વ્યક્તિગત વિરોધ નહોતો. વિરોધ હતો તો માત્ર પશુપાલકની અવગણનાનો !! દૂધસાગર સિવાય ગુજરાત રાજ્યના બાકીના તમામ દૂધ સંઘો દૂધના પોષણ ક્ષમ્ય ભાવો આપી રહ્યા હતા એ જ સમયે દૂધસાગરમાં બેફામ ખર્ચાઓ પડી રહ્યા હતા. પોતાના સગાં વહાલાંને દૂધસાગરમાં નોકરી અપાવવા કોઇના અહંકારને સતત પાળવામાં અને પોષવામાં આવી રહ્યો હતો . દૂધસાગર સાથે જેઓને સ્નાન સૂતકનો સબંધ નહોતો તેવા અધિકારીઓ લાયકાત અને કામ વિના લાખોના પગાર રીતસર ચાપલૂસી કરીને છીનવી રહ્યા હતા ! આ દૂષિત વાતાવરણથી પવિત્ર દૂધસાગરને મુક્ત કરવી અને સ્વ. માનસિહભાઇ પટેલ અને સ્વ.મોતીભાઇ ચૌધરીના












મૂલ્યો ફરી પ્રસ્થાપિત કરવાના જ એક માત્ર લક્ષ સાથે આ યજ્ઞનો આરંભ થયો ...! ' ચલે થે ... અકેલે, જાની બે મંજીલ મગર ... લોગ મિલતે ગયે ઔર કારવાં બનતા ગયા ' એ ન્યાયે ગામડાં ગામના ધૂળીયા રસ્તાઓ ઉપર જાગૃતિનો એક અંડર કરંટ ફેલાતો ગયો ... અને ... હવે દૂધસાગર ડેરીને બચાવવા " સત્તા પરિવર્તન એ જ માત્ર ઉપાય " સૌને સ્પર્શી ગયો !!

માટે એક બીજો નિર્ણય લેવાયો : પ્રતિકિલો ફેટે દૂધના કામચલાઉ ભાવમાં ૨૦ રૂપિયાનો વધારો કરી તેને ૬૫૦થી ૬૭૦ રૂપિયા સુધી લઇ જવામાં આવ્યો. વહીવટ સંભાળતાના પ્રથમ દિવસથી જ એકશન મોડમાં આવેલ ચેરમેનશ્રી અને નિયામક મંડળના સભ્યોએ પહેલા ૮.૪ એસ.એન.એફ એ ૨૫ ટકા નાણાં મળતા હતા તે ૯૦ ટકાએ મળે તેવો ઐતિહાસિક નિર્ણય કરી પશુપાલકોની વધુ એક સમસ્યાનો અંત આણ્યો. દૂધસાગર ડેરીથી વિખુટા પડેલા અને આ ગરિમાપૂર્ણ અને ગામડાના અર્થતંત્રને ધબકતા રાખનાર વ્યવસાયમાં ફરી નવ ચેતનાનો સંચાર થાય તે માટે આગામી સમયમાં વર્તમાન નિયામક મંડળ દ્વારા જિલ્લાના દૂધ ઉત્પાદકોને પશુઓ ખરીદવા મંડળીના માધ્યમથી ઓછા વ્યાજે લોન મળી રહે તે માટેની વાતચીતો હાલમાં પૂર્ણ તબક્કામાં પહોંચી ચૂકી છે.

અને જેના પ્રથમ તબક્કે રૂપિયા ૧૦૦ કરોડની લોન પશુપાલકોને સરળતાથી મળી રહે તેનું આયોજન કરવામાં આવ્યું છે. વહીવટ સંભાળ્યાના શરૂઆતના દિવસોથી જ કોરોના મહામારીની બીજી લહેરનો અત્યંત ગંભીર પડકારનો સામનો કરવો પડ્યો હોવા છતાં ચેરમેનશ્રી અને સાથી નિયામક મંડળના તમામ સભ્યોની સતત જાગૃતિના પરિણામે આવા વિકટ સંજોગોમાં પણ પશુપાલકો સાથે સતત તાલમેલ થવાના કારણે દૂધ સંપાદન અને દૂધ વિતરણની તમામ પ્રક્રિયાઓ સુચારુરૂપે પાર પડી શકી છે. દૂધના ભાવ વધારાના પરિણામે દૂધ ઉત્પાદકોનો વિશ્વાસ સંપાદન કરવામાં સફળ થવાનું એક લક્ષણ સ્પષ્ટ જણાઇ રહ્યુ છે,

## સત્તા મોહના આ દૂષિત વાતાવરણથી પવિત્ર દૂધસાગરને મુક્ત કરવી અને સ્વ. માનસિહભાઇ પટેલ અને સ્વ. મોતીભાઇ ચૌધરીના મૂલ્યો ફરી પ્રસ્થાપિત કરવાના જ એક માત્ર લક્ષ સાથે આ યજ્ઞનો આરંભ થયો.

મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લીમિટેડ (દૂધસાગર ડેરી) સાથે જોડાયેલા ૬ લાખ પશુપાલકોના વિશાળ હિત માટે લોકશાહી ઢબથી ચૂંટણીના માધ્યમથી સત્તા પરિવર્તનનો ભારે પવન ફૂંકાયો. સ્વ. મોતીભાઇ ચૌધરીના દેહાવસાન બાદ આશરે ૧૫ વર્ષથી સત્તાના સૂત્રો સંભાળતા વહીવટદારો પ્રત્યે પશુપાલકોની નારાજગીનું પ્રતિબિંબ સ્પષ્ટ રીતે આ ચૂંટણીમાં જોવા મળ્યું હતું. દૂધના ભાવમાં થતો અન્યાય પશુપાલકોની નારાજગીનું પ્રથમ કારણ બન્યું અને વિકાસ V/S પરિવર્તન પેનલ વચ્ચે યોજાયેલ ચૂંટણી જંગમાં આખરે પંદરમાંથી ૧૩ સીટો ઉપર ભવ્ય વિજય બાદ પરિવર્તન પેનલના રાહબર એવા અશોક ચૌધરી નામના સૂર્યનો મહેસાણાના સહકારી ક્ષેત્રનાઆકાશમાં ભવ્ય ઉદય થયો.

' પશુપાલકો એ દૂધસાગર ડેરીનો અંતરઆત્મા છે ' એવી મજબૂત વિચારધારા સાથે શ્રી અશોકભાઇ ચૌધરી ચૂંટણીના મેદાનમાં ઉતર્યા અને મહેસાણા, પાટણ તથા ગાંધીનગર જિલ્લાના તમામ ગામડાઓના પશુપાલકો સાથે સીધો સંવાદ કર્યો. પોતાના સરળ અને નિખાલસ વ્યકિતત્વથી પશુપાલકોને દૂધસાગરની જમીની હકીકત સમજાવવામાં તેઓ તથા તેમની પેનલના ઉમેદવારો સફળ રહ્યા અને પાંચ જાન્યુઆરી ૨૦૨૧ની મોડી રાત્રે આખરે દૂધસાગરમાં એક નવી આઝાદીનો પવન ફૂંકાયો. પશુપાલકો માટે તીર્થસ્થાન સમાન દૂધસાગર ડેરીને તેના નવા સુકાની પ્રાપ્ત થયા. પશુપાલકોના આનંદ અને ઉત્સાહ વચ્ચે ૧૫ જાન્યુઆરીના રોજ સ્વ. માનસિંહભાઇ અને સ્વ. મોતીભાઇના સ્ટેચ્યુની સાક્ષીમાં એક ભવ્યાતિભવ્ય શપથવિધિ સમારંભનું આયોજન થયું. સરકાર, સહકાર અને સમાજ નામની ત્રણેય નદીઓએ શ્રી અશોક ચૌધરીના આગમનને વધાવી લીધું અને વિશાળ સમિયાણામાં ત્રણેય ક્ષેત્રોના દિગ્ગજ આગેવાનોની ઉપસ્થિતિમાં અશોક ચૌધરીએ દૂધસાગરને પારદર્શીતા આપવાની ટેક સાથે સંસ્થાના અધ્યક્ષપદની જવાબદારી સ્વીકારતાની સાથે સાગરદાણમાં ૫૦ રૂપિયાનો ભાવ ઘટાડો કરી પશુપાલકોના હિતમાં નિર્ણય લેવાની શુભ શરૂઆત કરી. કાચા માલની ઓનલાઇન અને રીવર્સ ઓક્સન જેવી પારદર્શક પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો જેના પરિણામ સ્વરૂપ ગત વર્ષે સાગરદાણના કારખાનાઓમાં જે ૮૯ કરોડ રૂપિયાનું નુકશાન થયું હતું તેમાં આ બદલાયેલા નિયામક મંડળના પ્રયત્નોને પરિણામે ટુંકા ગાળામાં ૬ કરોડ રૂપિયા ભાવ ઘટાડવા છતાં નફો થવા પામ્યો છે. દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરી અને વાઇસ ચેરમેન શ્રી અમરતભાઇ દેસાઇના જણાવ્યા અનુસાર સમગ્ર નિયામક મંડળે દૂધસાગર ડેરીને શરૂઆતથી જ બે દ્રષ્ટીકોણથી ઓળખવાનો પ્રયત્ન કર્યો છે. (૧) ગણિતના દ્રષ્ટીકોણથી અને (૨) લાગણીના દ્રષ્ટીકોણથી !! વિતેલા એક દશકથી મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ સાથે જોડાયેલા લાખો પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવો મળે તે નવા નિયામક મંડળ માટે એક વચન પણ હતું અને એક પડકાર પણ હતો. એક તરફ દૂધસાગરને કરકસરયુક્ત વહીવટ પણ આપવાનો છે તો બીજી તરફ, સમયની સાથે પશુપાલકોને ભાવની બાબતમાં સંતોષ પ્રાપ્ત થાય તે

ગત વર્ષની સરખામણીમાં એપ્રિલ, મે અને જૂન મહિનાના ગરમીના આ સમય કરતાં આ વર્ષે પ્રતિદિન બે લાખ લિટરથી વધુનો દૈનિક દૂધ સંપાદનમાં વધારો જોવા મળી રહ્યો છે. પશુપાલકોના હિત માટે વધુ એક પગલું ભરતાં લાગણીશીલ નિયામક મંડળે પશુ સારવારની વિઝિટમાં રૂપિયા ૧૦૦નો ઘટાડો કરી પશુના આરોગ્ય પ્રત્યે પશુપાલકો વધુ જાગૃત થાય તે દિશામાં પણ સફળતા પ્રાપ્ત કરવામાં આવી છે. તો સાગરદાણ ફેકટરીના એજ સંશાધનોનો ઉપયોગ કરી મકાઇ ભરડાનું ઉત્પાદન કરી પશુપાલકોના દૂધાળા જાનવરોને પોષણક્ષમ્ય આહાર મળી રહે તે માટે શુદ્ધ અને સાત્વિક મકાઇ ભરડાનું પણ ઉત્પાદન કરવામાં આવ્યું છે.



દૂધસાગરના વિશાળ ક્ષેત્રના તમામ એકમો વચ્ચે દસ વર્ષથી વિખરાઇ ગયેલ સમન્વય ફરી સ્થાપિત થાય તે માટેના વહીવટીય પ્રયત્નો સતતના ધોરણે અત્યારે ચાલી રહ્યા છે. દૂધસાગર ડેરી સાથે સંકળાયેલા વેટેનરી ડિપાર્ટમેન્ટના ૧૫ વેટેનરી કેન્દ્રો (પશુપાલન વિભાગ) સાથે જોડાયેલા ૧૩૧ ડોક્ટર પાસેથી વધુમાં વધુ ઝડપી અને આધુનિક પશુ સારવાર લેવાની દિશામાં પણ નજર ફેરવવામાં આવી છે. જે અંતર્ગત ટેકનિકલ ઇનપુટ (ટી.આઇ) બિજદાન થકી સારી ઓલાદના પશુ મેળવવાની દિશામાં કામગીરી હાથ ધરાઇ છે. જગુદણ પશુ સંવર્ધક કેન્દ્ર ખાતે હર્ડ હેલ્થ મેનેજમેન્ટ પોગ્રામ થકી પશુપાલકો અને તેમના તમામ પશુઓની માહિતી અત્યાધુનિક સોફ્ટવેર થકી તમામ ડેટા એક જ જગ્યાએ પ્રાપ્ત થઇ શકે તેવું આયોજન નિયામક મંડળના સીધા માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યું છે. ' ફાર્મ કન્સલ્ટન્સી ' કાર્યક્રમ હેઠળ જે પશુપાલકો દૂધસાગર ડેરીમાં દૈનિક ૧૦૦ લિટર દૂધ ભરાવતાં હશે તેમના ફાર્મ પર દર મહિનામાં નિષ્ણાંત દૂધસાગર ડેરીના વેટેનરી ડોક્ટર મુલાકાત લેશે અને પશુપાલક તથા ડોક્ટરો વચ્ચે પશુઓને લઇ આગામી સમયમાં વધુ શું પગલા ભરી શકાશે તેવી સ્વસ્થ ચર્ચા વિચારણાને ધ્યાનમાં લઇ ભવિષ્યમાં નિર્ણયો લેવાની સંભાવનાને અવકાશ અપાઇ રહ્યો છે. ગાય-ભેસને ફળદ્રુપ કેવી રીતે રાખી શકાય ? અને વર્તમાન દૂધ કરતાં એજ જાનવરમાં વધુ દૂધ ઉત્પાદન કેવી રીતે લઇ શકાય ? આ બંન્ને પ્રશ્નો લઇ દૂધસાગર ડેરીના તમામ પશુપાલન વિભાગના ડોક્ટરોને દિશાસૂચન આપી નિયામક મંડળે પોતાનો વૈજ્ઞાનિક દ્રષ્ટીકોણ સ્પષ્ટ બતાવ્યો છે.





તેવી જ રીતે ; આઇ.વી.એફ (ઇન વિટ્રો ફર્ટીલાઇઝેશન) પ્રોગ્રામ હેઠળ સારી ઓલાદના ગાય-ભેસનું ગર્ભ લેબોરેટરીમાં તૈયાર કરી ફલિનીકરણ કરવાના પ્રોગ્રામ સાથે વધુમાં વધુ પશુપાલકો જોડાય તે માટે ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનનો સહયોગ લઇ અગાઉ જે ડોઝના ૨૦૦ રૂપિયા લેવામાં આવતા હતા તેમાં ૩૦૦ ટકાનો ઘટાડો કરી માત્ર ૫૦ રૂપિયા લેવાનો નિર્ણય થવાથી દૂધસાગર ડેરી અંતર્ગત સેકસસિમેન ડોઝ કે જેના કારણે વાછરડી આવવાની ૯૦ ટકા સંભાવનાઓ હોય છે તેનો વધુમાં વધુ પશુપાલકો લાભ લે તે દિશામાં કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. વેટેનરી વિભાગની ડોક્ટર સર્વિસ ૨૪ X ૭ ના હિસાબથી એક જ જગ્યાએથી - એક જ કોલથી પ્રાપ્ત થઇ શકે તે માટે ‘ સિંગલ કોલ વિન્ડો સર્વિસ ’ ઉભી કરવાના પ્રયત્નો હાથ ધરાયાં છે. વર્તમાન સમયે ‘ અમૂલ એ.એમ.સી.એસ ’ પ્રોગ્રામ હેઠળ દૂધ મંડળીઓમાં ડિઝીટલ પદ્ધતિનો વધુમાં વધુ ઉપયોગ થાય તે દિશામાં યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરાય તે માટે ચેરમેનશ્રીએ જરૂરી આદેશો આપી દૂધસાગર તંત્રને કામે લગાડ્યું છે. વર્તમાન સમયે દૂધસાગર સાથે જોડાયેલી ૮૩૦ મંડળીઓ આ ટેકનોલોજીના માધ્યમથી એક થઇ ચૂકી છે. પરંતુ આગામી સમયમાં તમામ મંડળીઓ અને પશુપાલકો આ ડિજિટલ દુનિયા સાથે જોડાઇ જાય તેવું લક્ષ્યાંક હાથ ધરાયું છે. નોંધનીય છે કે, દૂધ ઉત્પાદક ગામડાની મંડળીમાં દૂધ ભરાવે તેની સાથે જ તેના દૂધના જથ્થા સહિત ફેટ અને વેચાણની રકમની માહિતી મોબાઇલ પર મળી શકે તેવી પદ્ધતિનો અત્યારે દૂધસાગરના ૧ લાખ ૨૪ હજાર ૨૯૮ પશુપાલકો લાભ લઇ રહ્યા છે.

દૂધ માનસાગર ડેરી (માનેસર), દૂધ મોતીસાગર ડેરી (ધારુહેડા) અને દૂધસાગર ડેરી (મહેસાણા) ખાતે પીસ વર્કના કોન્ટ્રાક્ટના ભાવમાં ઘટાડો કરી રૂા. ૮.૪૦ કરોડ મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના બચાવી લેવામાં આવ્યા છે. પશુપાલકોની આશાઓ અને અપેક્ષાઓને સતત કેન્દ્રસ્થાને રાખતા નવનિયુક્ત ચેરમેનશ્રી. અશોકભાઇ ચૌધરીએ ચેરમેનપદના પ્રથમ દિવસથી જ ભૂતકાળના બિનજરૂરી લાખોના પગારદાર એવા ૩૭ અધિકારીઓના રાજીનામા લઇ પશુપાલકોના વાર્ષિક કરોડો રૂપિયાની બચત કરી એક કિર્તિમાન સ્થાપિત કર્યો છે.

‘ સરકાર- સહકાર અને સમાજ ’ આ ત્રણેય વચ્ચે સમન્વય થાય અને આખરે તેમાં દૂધસાગર ડેરીનું હિત જળવાય તેવો દ્રષ્ટીકોણ ધરાવનાર અશોકભાઇ ચૌધરીએ સત્તા સંભાળતાની સાથે જ સરકાર અને ફેડરેશન સાથેનો તાલમેલ શરૂ કરી દીધો હતો. જેના પરિણામ સ્વરૂપ દિલ્હીના બજારમાં દૈનિક ૧ લાખ લિટર દૂધના વેચાણમાં વધારો થવા પામ્યો છે. આગામી ભવિષ્યમા રાજધાની દિલ્હીમાં દૂધસાગર ડેરી ‘ અમૂલ ’બ્રાન્ડના નામે મીઠાઇઓનું વેચાણ કરી શકે તેની બ્લ્યૂ પ્રિન્ટ તૈયાર થઇ ગઇ છે. આગામી ભવિષ્યમાં હરિયાણાના કરનાલ અને હિમાચલપ્રદેશના નવિન પ્રદેશોમાં દૂધ સંપાદન અને દૂધ વિતરણ કરી શકવાના હક્ક ફેડરેશન તરફથી પ્રાપ્ત થયા હોવાથી આવનાર સમય દૂધસાગર ડેરીને નવી દિશાઓ અને નવી સરહદો સર કરવાની શક્તિ મળવાથી અહીંના સ્થાનિક પશુપાલકોમાં વધુ સારા સ્મિતનો સંચાર કરી શકે તેવા સમીકરણો સ્થાપિત થઇ ચૂક્યા છે. દૂધસાગર ડેરીને પશુપાલકો એજ દૂધસાગરનો શ્વાસોશ્વાસ એ નિતીથી કામ કરનારા વર્તમાન ચેરમેનશ્રી અને





નિયામક મંડળે દૂધસાગર ડેરી વર્તમાન સમયમાં જે દેવામાંથી પસાર થઇ રહી છે તે દેવું ઓછુ થાય અને વ્યાજનું ભારણ ઘટે તેવા સંકલ્પ સાથે દૂધસાગર ડેરીને ધિરાણ કરનારી વિવિધ બેંકો સાથે સીધી મુલાકાત લઇ વ્યાજ ઘટાડવામાં ભારે જહેમત ઉઠાવી છે.

**સરકાર - સહકાર અને સમાજ આ ત્રણેય વચ્ચે સમન્વય થાય અને આખરે તેમાં દૂધસાગર ડેરીનું હિત જળવાય તેવો દ્રષ્ટીકોણ વર્તમાન નિયામક મંડળ ધરાવે છે.**

જેમાં બેંક ઓફ બરોડામાંથી - એચ.ડી.એફ.સી બેંકમાં લોન ટ્રાન્સફર કરી ૭.૧૦ ટકાથી વ્યાજનો દર ૫.૬ ટકા લાવવામાં સફળતા મળતા ૧.૫૦ ટકાનો વ્યાજ ઘટાડો આગામી ૬ વર્ષમાં દૂધસાગર ડેરીના ૧૬.૯૩ કરોડ રૂપિયા બચાવી શકશે. તો બીજી તરફ એસ.બી.આઇ બેંકની લાંબા ગાળાની લોનને ટુંકા ગાળામાં પરિવર્તિત કરી વ્યાજના વાર્ષિક ૧.૭૮ લાખ બચાવી લેવાયા છે. વહીવટ સંભાળતાની સાથે જ ચેરમેનશ્રી અને નિયામક મંડળે દૂધસાગર સાથે જોડાયેલા વિવિધ પ્લાન્ટોમાં વપરાતા કેમિકલોના ભાવો અંગે ફેરવિચારણા કરી કરકસરયુક્ત નેગોસિએશન થકી વાર્ષિક ૩ કરોડની બચત કરવામાં સફળતા મેળવી છે. તો, મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ દ્વારા ઉત્પાદિત માખણ, પાવડર જેવી બનાવટો મુકવા માટે વિવિધ કોલ સ્ટોરેજ અને ગોડાઉનો જે ભૂતકાળમાં ભાડે રાખવામાં આવ્યા હતા તેમના માલિકો સાથે રૂબરૂ મુલાકાતો કરી ગોડાઉન અને કોલ્ડ સ્ટોરેજના ભાડામાં ધરખમ ઘટાડો કરી દૂધ સંઘના લાખો રૂપિયા બચાવી લેવામાં સફળતા પ્રાપ્ત કરી છે. તો વળી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના અધિકારીઓ સાથેની બેઠકમાં ચેરમેનશ્રીની નજરમાં એક વાત આવી કે, સત્તા સંભાળ્યાના શરૂઆતના દિવસોમાં પ્રતિ એક લીટર દૂધની આવક સામે વધુ વહીવટીય ખર્ચ આવી રહ્યો હતો. આટલા મોટા ખર્ચને ઘટાડવો એટલે તમામ ક્ષેત્રે કરકસર હાથ ધરવી એવો સીધો મતલબ થાય !! વહીવટીય કરકસરના પરિણામે વર્તમાનકાળે આ ખર્ચમાં આપણે ઘટાડો કરી શક્યા છીએ.

પશુપાલકો પ્રત્યે અનેક પડકારો વચ્ચે ઉદારભાવ રાખવાની સાથે સાથે નવનિયુક્ત ચેરમેનશ્રી અને નિયામક મંડળ માટે કરકસરયુક્ત વહીવટ કરવો પણ સમયની તાતી જરૂરીયાત હોવાથી ગણિતના દ્રષ્ટીકોણથી પણ દૂધસાગરને સાચવવી જરૂરી છે. સત્તા ગ્રહણ કર્યાના પ્રથમ દિવસથી આ અંગેની બેઠકો શરૂ કરી દેતા ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીએ પોતાની જાત સાથે શુભ શરૂઆત કરી... હું દૂધસાગરમાં મારો વ્યકિતગત કોઇ ખર્ચ નહી નાખું. હું દૂધસાગરની કોઇ ગાડીનો વ્યકિતગત ઉપયોગ નહી કરું અને હું મારા ઘરેથી મંગાવેલ ભોજન લઇને દૂધસાગરની સેવા કરીશ !! આ ત્રણેય સંવેદનાથી સભર સૂત્રોએ નિયામક મંડળને પણ પ્રેરિત કર્યા અને આજે ચેરમેનશ્રી સહિત વાઇસ ચેરમેનશ્રી અને નિયામક મંડળના તમામ સભ્યો પોતાના ખર્ચે પોતાનો નિભાવ કરી દૂધ મંદિરની સેવામાં લાગી ચૂક્યા છે. દૂધસાગર ડેરીને શ્રેષ્ઠ બનાવવાના ભાગરૂપે વર્તમાન સમયે કરકસરયુક્ત વહીવટીને પ્રાધાન્યતા અપાઇ રહી છે. જેના ભાગરૂપે માણસા, કલોલ, સિદ્ધપુર, વિસનગર અને વિજાપુરની કો.ઓપરેટીવ સર્વિસ (સી.એસ) વિભાગની ભાડેથી રખાયેલી ઓફિસો બંધ કરી વાર્ષિક ૧૮ લાખના ખર્ચનો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. આ ઓફિસોમાં વપરાતી સંઘની ગાડીઓ બંધ કરી ખર્ચમાં મોટો ઘટાડો કરવાનું શરૂ કરી દેવાયું છે. દૂધસાગરમાં ભૂતકાળમાં ચેરમેન, નિયામક મંડળના સભ્યો, અધિકારીઓ જે ગાડીઓનો બેફામ દૂરઉપયોગ કરતા હતા તે વૈભવી ગાડીઓની હરાજી કરીને પણ લાખો રૂપિયા બચાવવાની દિશામાં નક્કર કામગીરી કરાઇ છે. બી.એમ.સી સેમ્પલરનો કોન્ટ્રાક્ટ જે ભૂતકાળમાં અલગથી ચાલતો હતો તે બંધ કરી વાર્ષિક બે કરોડની કરકસર કરવામાં આવી છે. ડેરીના વર્તમાન સત્તાધીશોએ કોન્ટ્રાક્ટરના માણસો ઓછા કરવાની સૂચનાઓ આપી આશરે ૫૫૦ જેટલા માણસો ઘટાડી વાર્ષિક ૬.૫૦ કરોડની બચત તો, દુરડા સહાયક યોજનાના નામે થતા ખર્ચાને બંધ કરી વાર્ષિક ૮૦ લાખની બચત કરવાનું કદમ ઉઠાવ્યું છે. બી.એમ.સી (મંડળી સર્વિસ) કોન્ટ્રાક્ટમાં ગત વર્ષના ભાવની સરખામણીમાં ચાલુ વર્ષે વન ટુ વન બેઠકો કરી ભાવ ઘટાડવાની પ્રક્રિયાને અંતે વાર્ષિક ૧૦ લાખ અને કેટલફીડ પ્લાન્ટ (જગુદણ) ખાતે વર્તમાન કોન્ટ્રાક્ટરના ભાવ ઘટાડી ૨.૪૦ કરોડ બચાવવામાં નુતન સત્તાધીશોની મહેનત રંગ લાવી છે.




જે હજુ નીચે સુધી લઇ જવાનું લક્ષ્યાંક નિયામક મંડળે ધાર્યુ છે.

સત્તા સંભાળ્યાના શરૂઆતના દિવસોથી જ કોરોના મહામારીની બીજી લહેરનો સામનો દૂધસાગર ડેરીએ પણ કરવો પડ્યો છે. આવા કપરા સમયમાં દૂધ સંપાદન અને વિતરણ સુચારુરૂપે થતું રહે તથા પશુપાલકો સ્વસ્થ રહે એ જોવાની જવાબદારી પણ નવનિયુક્ત ચેરમેન અને નિયામક મંડળે બેખૂબીથી નિભાવી. આ દરમિયાન પશુપાલકો કોરોના મહામારી વિરુદ્ધની લડાઇમાં જાગૃત બને તે માટે ગામડા ગામની દૂધ મંડળીઓના તંત્રનો સદ્ઉપયોગ કરવામાં આવ્યો. રસીકરણ માટે જાગૃતિ લાવવામાં ડેરીએ બેખુબીથી પોતાની ભૂમિકા નિભાવી તથા માસ્ક, સેનેટાઇઝર અને એક સાથે ૬ લાખ લોકોને જિલ્લા આરોગ્ય તંત્ર તથા આયુર્વેદિક શાખાના સહયોગથી ઉકાળા વિતરણ કરી દૂધસાગર ડેરીએ પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ પણ બેખુબીથી નિભાવી ઉત્તર ગુજરાતની એક મોટી સહકારી સંસ્થા તરીકે સહકારની ભાવનાને ઉજાગર કરી છે.


નવનિયુક્ત દૂધસાગરના આ રખેવાળોએ દૂધ સંઘની વિવિધ મંડળીઓ ઉપર ગુણવત્તાયુક્ત દૂધની ખરીદી માટે નવિન બલ્ક કુલરની ખરીદીમાં સબસીડી મળી રહે તે માટે, દૂધ સંઘના દૂધ ઉત્પાદકોના પશુઓને જરૂરી મિનરલ પ્રાપ્ત થાય તે માટે પોતાનો નવો મીનરલ મિક્ચર પ્લાન્ટ નાખવાની તૈયારી સાથે તેમાં પણ સરકારશ્રીની આર્થિક મદદ મળી રહે તથા નવિન પનીર પ્લાન્ટ માટે રાજ્ય સરકાર સબસીડી આપે તે માટેની દરખાસ્તો કરી દેવાઇ છે અને ગુજરાત સરકારના સહકારને જોતાં આગામી સમયમાં આ પ્રોજેક્ટ મંજૂર થાય તેવા તમામ શુભ સંકેતો સ્પષ્ટ વર્તાઇ રહ્યા છે.

મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ લિમીટેડની પ્રસ્તુતિ એવા ‘ દૂધસાગર પત્રિકા ’ એ નવનિયુક્ત ચેરમેનશ્રી અને નિયામક મંડળના સત્તાગ્રહણના સમયથી આજ સુધી આ સંઘ સાથે જોડાયેલા પશુપાલકોની લાગણી અને ભાવનાને નજીકથી સમજવાની કોશિષ કરતાં, વર્તમાન સમયે પશુપાલનના વ્યવસાયમાં ધીમી ગતિએ નક્કર તેજી આવી રહી હોવાના સ્પષ્ટ સંકેતો મળે છે. ચેરમેનશ્રી અને નિયામક મંડળના નિર્ણયોના પગલે પશુપાલકોમાં આ વ્યવસાય પ્રત્યે પુનઃભાવ પ્રગટ થતો જોવા મળી રહ્યો છે.



દૂધના ભાવમાં કરવામાં આવેલો વધારો લાખો પશુપાલકો માટે પ્રેરક બળ પૂરવાર થયું છે. વર્તમાન નિયામક મંડળ આગામી ભવિષ્યમાં પશુપાલકોને લઇ હજુ આવકારદાયક નિર્ણયો કરશે તેવી આશા-અપેક્ષાઓ સ્પષ્ટ જોવા મળી રહી છે. ગત ૧૫ જાન્યુઆરીના રોજ ચેરમેનશ્રી અને વાઇસ ચેરમેનશ્રી તથા નિયામક મંડળના પદગ્રહણ સમારંભમાં ઉપસ્થિત હજારો પશુપાલકો, સહકારી ક્ષેત્રના દિગ્ગજ નેતાઓ, કેન્દ્ર અને રાજ્ય સરકારના પ્રતિનિધીઓ તથા અમૂલ ફેડરેશનના પ્રતિનિધીઓની હાજરી વચ્ચે થયેલ દૂધસાગર ડેરીના જય જયકારથી મહેસાણા, પાટણ અને ગાંધીનગર જિલ્લાના લાખો દૂધ ઉત્પાદકોના હૃદયની ધડકનમાં રોજ ધબકતી દૂધસાગર કે જે, ક્યારેય ઉંઘતી નથી તેના નવા ભવિષ્યની નિર્માણ કથા લખાઇ રહી છે ત્યારે આવો આપણે પણ આવનારા સતયુગી સમયના સાક્ષી બનીએ...

## ફાયદાકારક પશુપાલન માટે સેક્સ્ડ સીમેન ડોઝના ઉપયોગની દૂધસાગરના નિષ્ણાંત ડૉક્ટરોની સલાહ



પશુપાલન થકી દૂધ ઉત્પાદનના ધંધાને પોષણક્ષમ બનાવવામાં વધુ દૂધ આપતી ઉત્તમ ગાયો-ભેંસોનું ખુબ મહત્વ છે. ખેડૂતો પોતાને ત્યાં રહેલી વધુ દૂધ આપતી ગાય-ભેંસોમાંથી વધુમાં વધુ પાડી-વાછરડી પેદા કરવામાં આવે તો સારી ઓલાદની ગાયો-ભેંસો વધારીને વધારે દૂધ મેળવી શકાય. સામાન્ય બીજદાન અથવા કુદરતી સાંઢથી ગાભણ પશુઓથી સરેરાશ ૪૫થી ૫૦ ટકા પાડી-વાછરડી જન્મે છે. જો આપણે આપણી વધુ દૂધ આપતી ગાય-ભેંસોને આપણા જગુદણ સ્થિત સિમેન સ્ટેશનમાં ઉત્તમ સાંઢમાંથી બનાવવામાં આવતાં સેક્સ્ડ સીમેનથી ગાભણ કરવામાં આવે તો ૮૫ ટકાથી ૯૦ ટકા સારી ઓલાદની પાડી-વાછરડી જન્મે છે.

સેક્સ્ડ સીમેન પેદા કરવા માટે અમેરીકાની ટેકનોલોજીનો ઉપયોગ થતો હોવાથી તેની કિંમત ઘણી વધારે થાય છે. પરંતુ સંઘના નિયામક મંડળે પશુપાલકોના બહોળા હિતને ધ્યાનમાં લઇ આપણા દૂધ ઉત્પાદકો માટે સેક્સ્ડ સીમેન ડોઝ મુકાવવાનો આગ્રહ રાખવો. આપની બીજદાન કર્મચારી પાસે સેક્સ્ડ સીમેન ડોઝની માગણી કરો જેથી તે પુરતા સેક્સ્ડ સીમેન ડોઝ ડેરીમાંથી મંગાવી રાખે.

આપણા સેક્સ્ડ સીમેનથી ઘણા ગામડાઓમાં સારી એવી સંખ્યામાં પાડી-વાછરડી જન્મેલ છે. આપણા વિસ્તારના દેલા ગામના દૂધ ઉત્પાદકશ્રી ચૌધરી ચેતનભાઇ શિવરામભાઇ (મોબાઇલ નં. ૯૯૭૮૭ ૨૫૮૯૭) ના ઘરે તેમની ભેંસ કડી નં. ૩૪૦૧૨૪ ૨૨૦૮૪૬ ને સેક્સ્ડ સીમેનથી જન્મે પાડી કડી નં. ૩૪૦૧૬૫ ૫૩૯૧૪૭નો ૯ મહિનાની નાની ઉમરે ખુબ જ ઉત્તમ વિકાસ જોવા મળેલ છે.

**વધુ સમય વિતી જતાં સદર ઘી બિનઉપયોગી થવાની સંભાવના હતી**

## દૂધસાગર ડેરીના નિયામક મંડળની કુનેહથી પશુપાલકોના કરોડો રૂપિયા ધૂળધાણી થતા બચ્યાં

**આશરે ૯૦૦ એમ.ટી (મેટ્રીક ટન) ઘીનું લીટર દીઠ ૨૨૫ રૂપિયામાં વેચાણ થવા લાગ્યું છે જેના પરિણામે પશુપાલકોના હક્કના ૨૦ કરોડ રૂપિયા બચવા પામશે**

મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના ભૂતકાળના વહીવટ દરમિયાન કોરોનાની પ્રથમ લહેર સમયના લોકડાઉનમાં રાજસ્થાન પોલીસ દ્વારા પામ ઓઇલ મિશ્રિત આશરે ૯૦૦ એમ.ટી (મેટ્રીક ટન) ઘી પકડવામાં આવ્યું ત્યારે દૂધસાગરના તે વખતના શાસકો અને અધિકારીઓની બેજવાબદારી થી અમૂલ જેવી વૈશ્વિક બ્રાન્ડને ધક્કો પહોંચતાં હડકંપ મચવા પામ્યો હતો.



ત્યારબાદ સદર ઘી ભરેલ ટેન્કરને કાયદા પ્રશાસન દ્વારા સીલ કરી દેવામાં આવ્યું હતું. દૂધસાગર ડેરીમાં સત્તાના સમીકરણો બદલાતાં નવા નિયામક મંડળ સાથે ચૂંટાયેલા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોક ચૌધરીના માર્ગદર્શન હેઠળ નામદાર કોર્ટની મંજૂરી સાથે ઉપરોક્ત પામ ઓઇલ મિશ્રિત ઘી ને પશુઆહાર તરીકે વેચવાની માંગણી કરાતાં કોર્ટ તથા ગુણવત્તા નિયંત્રણ વિભાગની દેખરેખ નીચે સદર ઘી ને પશુઆહાર તરીકે વેચવાની પરમીશન મળતાં વર્તમાન સમયે દૂધસાગર સાથે જોડાયેલી મંડળીઓના માધ્યમથી ઘી નું વેચાણ પૂર્ણતાના આરે હોવાના સમાચાર પ્રાપ્ત થઇ રહ્યા છે. ઉલ્લેખનિય છે કે, ઉપરોક્ત ઘી ના વેચાણથી અંદાજે ૨૦ કરોડ રૂપિયાની આવક થવાની સંભાવના છે.

“નિતી ચોખ્ખી હોય તો નિયતી પણ સાથ આપે છે” ચેરમેનશ્રી અશોકભાઈ ચૌધરીના આ શબ્દો હાલમાં પશુપાલકો માટે તો રાહતનો સંદેશ લઈ આવ્યા છે.

# દૂધસાગર ધરતીનો ધબકાર પરિશ્રમનો પડકાર








**અશ્વિન વી. ચૌધરી**
(મેનેજર : મિલ્ક પ્રક્યોરમેન્ટ, પ્રોજેક્ટ & વિઝીલન્સ)

ઉત્તર ગુજરાતની ધરતીનો ધબકાર એટલે દૂધસાગર. વહેલી પરોઢે ઉઠતાં રૂમઝૂમ પગલાં સાથે પરિશ્રમનો પગરવ એટલે દૂધસાગર. ગરીબ ખેડૂતનો આર્થિક આધાર એટલે દૂધસાગર, વિધવા સ્ત્રીનો સહારો એટલે દૂધસાગર, સ્ત્રી સશકિતકરણનું પ્રત્યક્ષ પ્રમાણ એટલે દૂધસાગર. રોજના ૭ કરોડ રૂપિયા દૂધ ઉત્પાદકોને ચૂકવતી સમગ્ર મહેસાણા મિલ્કશેડ એરિયાની આર્થિક કરોડજજૂ એટલે આપણી દૂધસાગર. સવારે ઉઠીને તાજા દૂધની તાંસળી અને બાજરીના રોટલાથી શીરામણ અને સાંજે વાળું કરતાં ગ્રામિણ બાળકોના પોષણ અને ભણતરનો આધાર એટલે દૂધસાગર. અનેક એન્જિનિયર, ડોક્ટર, શિક્ષકો રાજકારણીઓ અને અધિકારીઓની પોષણદાતા એટલે દૂધસાગર.

અમૂલ અને સાગરની કેડીએ ચાલીને આજે ગુજરાત અને આખું ભારત ડેરી ક્ષેત્રે સમગ્ર વિશ્વમાં પ્રથમક્રમે પહોંચી ગયું છે. ભારત વાર્ષિક ૧૯૦ મિલીયન મેટ્રીક ટન દૂધનું ઉત્પાદન કરીને આજે વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ડેરી ઉદ્યોગનો ભારતની જીડીપીમાં ફાળો ૪.૫ ટકા છે. જે ૧૦ કરોડ જેટલા ગ્રામિણ પરિવારોને સીધી રોજગારી પૂરી પાડે છે. વાર્ષિક ૮.૦ લાખ કરોડનું આ દૂધ ઉત્પાદન દેશના લોકોને ફૂડ સિક્યોરીટી પૂરી પાડે છે. બેરોજગારી ઘટાડીને ગ્રામિણ ક્ષેત્રની સાથે શહેરોમાં પણ રોજગારી પૂરી પાડે છે. ડેરી ઉદ્યોગ ભારતીય અર્થતંત્રમાં મહત્વનો ફાળો આપે છે. વિશ્વના કુલ દૂધ ઉત્પાદનમાં ભારતનો ફાળો ૨૨ ટકા જેટલો છે અને તેની નિકાસથી આપણને સારા પ્રમાણમાં વિદેશી હુંડિયામણ મળે છે.

પરંતુ તમે જેમ મોટા થાઓ એમ સમસ્યાઓ પણ મોટી થતી જાય. આજના સમયમાં પડકારો અસંખ્ય છે. આટલા મોટા ક્ષેત્ર પર મલ્ટીનેશનલ કંપનીઓનો ડોળો ના હોય તો જ નવાઇ. પણ એમના માટે સૌથી મોટો પડકાર એટલે સાગર, બનાસ અને અમૂલ ફેડરેશન. એટલે જ તાજેતરમાં વેગન મિલ્કના નામે હર્ષી ઇન્ડીયા રો-પ્રેસરી, અર્બન પ્લેટર, નેચર વીટ જેવી બહુરાષ્ટ્રીય કંપનીઓએ બખેડા ચાલુ કર્યા છે અને પેટા, ફેડરેશન ઓફ ઇન્ડિયન એનિમલ પ્રોટેક્શન ઓર્ગેનાઇઝેશન, બ્યુટી વિધાઉટ ક્રુઅલ્ટી જેવી સંસ્થાઓ આ કાવતરાને જીવદયાના નામે અંજામ આપી રહ્યા છે.

બીજી તરફ રિજીયોનલ કોમ્પ્રિહેન્સિવ ઇકોનોમિક પાર્ટનરશીપના (RCEP) ના નામે ચીન, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ જેવા દેશો ભારતીય ડેરી ઉદ્યોગને ખતમ કરવા ટાંપીને બેઠા છે. ભારત સરકારે આમાં જોડાવા સ્પષ્ટ ઇન્કાર કરી દેશના ૮૦ ટકા પશુપાલકોને બેરોજગાર થતાં બચાવી લીધા છે. પણ ભવિષ્યને ધ્યાનમાં રાખીને આપણે ઉત્પાદન ખર્ચ ઘટાડવા પર અને ગુણવત્તા સુધારણા પર મહત્તમ ભાર આપવો પડશે, તો જ આપણે વૈશ્વિક હરિફાઇમાં ટકી શકીશું.

## રોજના ૭ કરોડ રૂપિયા દૂધ ઉત્પાદકોને ચૂકવતી સમગ્ર મહેસાણા મિલ્કશેડ એરિયાની આર્થિક કરોડજજૂ એટલે આપણી દૂધસાગર.

બાહ્ય પડકારોની સામે આંતરિક પડકારો પણ ઓછા નથી. ઘાસચારા અને પશુદાણના વધતાં જતાં ભાવ, શિક્ષિત યુવાઓની આ વ્યવસાય પ્રત્યેની સૂગ, ઓછી ઉત્પાદકતા, ટેકનોલોજીનો ઓછો ઉપયોગ, શહેરીકરણને કારણે ઘટતી જતી જમીન અને ચરિયાણ તેમજ સ્વચ્છતાનો અભાવ જેવા જટીલ પ્રશ્નો છે.

નફાકારક પશુપાલન મુખ્યત્વે ચાર બાબતો પર આધાર રાખે છે. (૧) ખોરાક (૨) પશુ સંવર્ધન (૩) પશુ માવજત અને (૪) પશુ સારવાર આમાંથી મુખ્યત્વે પશુઓના ખોરાક પાછળ જ ૭૦ ટકા ખર્ચ થતો હોય છે. જ્યાં લીલા ઘાસચારાની અછત હોય ત્યાં સાઇલેઝ અને યુરિયા ટ્રીટમેન્ટ તેમજ ઓછા પાણીએ ઉગતાં સોલ્ટ ઘાસચારા, બરમૂડા ઘાસ, જોન્સન અને મારવેલ ઘાસની વાવણી કરી શકાય. ચાફકટરનો ઉપયોગ કરવાથી ઘાસાચારાની બચત થઇ શકે. રાશન બેલેન્સીંગથી ઉત્પાદન ખર્ચ ઘટાડી શકાય. પશુદાણની પોષણક્ષમ કિંમત જાળવવી તે પણ ખુબ જ અગત્યનો મુદ્દો છે.

ઉચ્ચ ઓલાદના પશુઓના સીમેન થકી કૃત્રિમ બીજદાન મારફત પશુદીઠ ઉત્પાદકતા વધારવી અને દેશી બ્રીડને પ્રોત્સાહન આપવું અત્યંત જરૂરી છે. કોમર્શિયલ ડેરી ફાર્મીંગનો વ્યાપ વધારી વૈજ્ઞાનિક ઢબે પશુમાવજત અને ચાફકટર, મિલ્કીંગ મશીન, ફોગર સીસ્ટમ વગેરેનો ઉપયોગ કરવો પડશે. પશુઓમાં નિયમિત રસીકરણ અને સારવાર દ્વારા રોગ નિયંત્રણ અત્યંત આવશ્યક છે. તો વળી દૂધમાં એન્ટિબાયોટીકના અંશો અને અફલાટોક્ષીનની માત્રા આપણા આગામી પડકારો છે. આગામી સમયમાં સ્વચ્છ દૂધ ઉત્પાદન આપણી પ્રાથમિકતા હોવી જોઇએ.

સંકટ આવે તે પહેલા જ તેનો ઇલાજ વિચારી રાખવો પડે. આગ લાગે પછી કૂવો ખોદવા ના બેસાય. સૌએ સાથે મળી આ પડકારોને મ્હાત કરવા કટીબદ્ધ થઇ કામ કરવું પડશે. આ તમામ પડકારોને પહોંચી વળવાની ક્ષમતા આપણા જિલ્લાના લોકોના લોહીમાં જ છે. દૂધસાગર એ માટે સજ્જ છે. સહકારિતાના સિદ્ધાંતોની કટિબદ્ધતા સાથે વિકાસની કેડી પર અગ્રેસર.. કારણ કે વાત છે વિશ્વાસની, દૂધસાગરના વિકાસની... આપણી દૂધસાગર આપણું ગૌરવ !!

## દૂધસાગર ડેરીમાં ભવ્ય વિજય ધ્વજ લહેરાવી

### અધ્યક્ષ અશોક ચૌધરી સહિત નિયામક મંડળનું ગુજરાત સરકાર સાથે પ્રથમ સ્નેહમિલન





(અહેવાલ : દૂધ સાગર પત્રિકા)

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ (દૂધસાગર ડેરી) માં સંઘર્ષના અનેક વર્ષો બાદ પોતાની પ્રમાણિકતાથી ભાવનાત્મક જુવાળ પર યોજાયેલી સહકારી ક્ષેત્રની ચૂંટણીમાં ૧૫માંથી ૧૩ સીટોના ભવ્ય વિજય બાદ પરિવર્તન પેનલના સર્વેસર્વા શ્રી અશોકભાઇ ચૌધરી પોતાની પેનલના વિજેતા ૧૩ ઉમેદવારો સાથે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી સહિત સહકારમંત્રીશ્રી ઇશ્વરભાઇ પટેલ તથા ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સહિત ગુજરાત રાજ્ય સરકારના વિવિધ મંત્રીઓ સાથે સ્નેહમિલન કરી આગામી સમયમાં દૂધસાગર અને તેની સાથે જોડાયેલા લાખો પશુપાલકો માટે સરકાર સીધી મદદરૂપ બને તે માટેની રજૂઆતો કરી અને દૂધસાગર ડેરીના ભવિષ્યની રૂપરેખા રચવાનો પ્રથમ દિવસથી જ પ્રયત્ન હાથ ધર્યો હતો.

## રણમાં પડ્યા તો રણ મહીં રસ્તા પડી ગયા અને જીગરથી ઝંપલાવ્યું તો, કિનારા દોડતા આવ્યા !!

# GAIL કંપનીના ગેસ સપ્લાયને લઇ પોતાના નિયામક મંડળ સાથે ચેરમેનશ્રીએ દિલ્હીના દ્વાર ખખડાવ્યા







(અહેવાલ : દૂધસાગર પત્રિકા)

: મહેસાણા દૂધસાગરમાં પશુપાલકોની આશા અપેક્ષાઓના આધાર ઉપર ૧૫ માંથી ૧૩ સીટો સાથે લગભગ એક તરફી જીત મેળવી પોતાની પરિવર્તન પેનલને વિજય અપાવનાર ચેરમેનશ્રી. એ સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ પરિશ્રમ કરવામાં પોતાની ટીમ સાથે સર્વસ્વ દૂધસાગરને સમર્પિત કરી દીધું છે !! મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ચૂંટાયેલા તમામ સભ્યો સાથે તેઓ આ સંઘની અન્ય ડેરીઓ દૂધ માનસાગર અને દૂધ મોતીસાગરની મુલાકાતે ધારુહેડા અને માનેસર (હરિયાણા) પહોંચ્યા તે અગાઉ દેશના પ્રધાનમંત્રીશ્રી. નરેન્દ્રભાઇ મોદીને મહેસાણા દૂધસાગર ડેરીમાં ગેલ કંપની કરાર અનુસાર ગેસનો સપ્લાય પૂરો પાડતી ન હોવાની લેખિત રજૂઆત કરી ચૂક્યા હતા. આ અનુસંધાને પોતાની ઉપરોક્ત મુલાકાત દરમિયાન તેઓએ કેન્દ્ર સરકારમાં ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરતા બે દિગ્ગજ મોદી સરકારના મંત્રીશ્રી. પુરષોત્તમ રૂપાલા અને શ્રી. મનસુખભાઇ માંડવિયાની તથા ભૂતપૂર્વ કેન્દ્રીયમંત્રીશ્રી પી.પી.ચૌધરીની મુલાકાત સમગ્ર નિયામક મંડળના સભ્યો સાથે કરી આ ગેસ સપ્લાય અંગેની સમસ્યાથી તેઓને અવગત કરાવ્યા.

## રજૂઆતના ત્રીજા દિવસથી જ ૧૦,૦૦૦ સ્ટાન્ડર્ડ ક્યૂબિક મીટર ગેસનો પ્રતિદિન સપ્લાય શરૂ

દૂધસાગરના પશુપાલકોને આ સમસ્યાના નિવારણથી કરોડો રૂપિયાનો લાભ મળી શકે છે તેવી ઊંડાણપૂર્વકની તર્કબદ્ધ વાતો સમજાવવાની કુશળતાને પગલે આ મંત્રીશ્રીઓએ તાત્કાલિક ધોરણે આ દિશામાં જરૂરી વિભાગને સૂચનો આપતાં માત્ર ગણતરીના દિવસોમાં આપણી દૂધસાગરમાં જે ગેસ સપ્લાય પ્રતિદિન ૫૦૦૦ ક્યૂબિક મીટર આવતો હતો તેમાં વધારો થઇ પ્રતિદિન ૧૦૦૦૦ ક્યૂબિક મીટર એટલે કે, ડબલ પ્રાપ્તિ કરવામાં આપણને સફળતા પ્રાપ્ત થવા પામી છે !! એક વહીવટ તંત્રની જાગૃતિ અને તેના અધ્યક્ષસ્થાને બેઠેલા વ્યક્તિની કુશળતા તથા સબંધો અને સમસ્યાઓને ઉકેલવાનો દ્રષ્ટિકોણ વર્ષોની સમસ્યા ક્ષણમાં સમાધિત કરી શકાય છે તેનું જીવંત ઉદાહરણ પૂરું પાડે છે !! ઉલ્લેખનીય છે કે ; દૂધસાગર ડેરીમાં "ગેલ ગેસ સ્ટેશન" વર્ષ ૧૯૭૪ થી કાર્યરત છે અને તેનો પ્લાન્ટ મહેસાણાના ડેરી કેમ્પસમાં સ્થાપિત છે.

પોતાના પ્રધાનમંત્રીશ્રી સાથેના પત્ર વ્યવહારમાં દૂધસાગર ડેરીના વર્તમાન ચેરમેન શ્રી. અશોકભાઇ ચૌધરીએ જણાવ્યું છે કે ; લગભગ ૧૩૨૦ સહકારી મંડળીઓ અને તેની સાથે જોડાયેલા આશરે ૬.૧૧ લાખ પશુપાલકો સાથે સીધી રીતે સંકળાયેલી આ સંસ્થા પોતાના કાર્યક્ષેત્રના નાના અને સીમાંત ખેડુતોની સામાજિક - આર્થિક સ્થિતિ સુધારવામાં અગ્રેસર ભૂમિકા ભજવે છે. પ્રધાનમંત્રીના ખેડૂતોની આવક બમણી કરવાના અને મહિલા સશક્તિકરણના અભિગમને સાથે કરવાની કટિબદ્ધતા વ્યક્ત કરતાં અશોકભાઇ આગળ લખે છે કે ;

## આખી દૂધસાગર ડેરી મારા આંગણે આવી છે , જમ્યા વિના થોડું જવાય : માનનીય મંત્રીશ્રી મનસુખ માંડવીયા

ઓ.એન.જી.સી દ્વારા ઉત્પાદિત અને ગેઇલ કંપની દ્વારા વિતરિત થતો નેચરલ ગેસ દૂધ અને દૂધની પેદાશો માટેની પ્રક્રિયામાં બળતણ તરીકે મહત્વની ભૂમિકા ભજવે છે પરંતુ, ગેઇલ ઇન્ડિયા લિમિટેડ તરફથી ભૂતકાળમાં પ્રતિદિન દૂધસાગરને ૩૨૫૦૦ ક્યૂ.મીટર ગેસ આપવાનો કોન્ટ્રાક્ટ થયો હતો પરંતુ, છેલ્લા ૧૫ વર્ષમાં દૂધની ખરીદીમાં વધારો થવાને પરિણામે હવે પ્રતિદિન ૨૭૫૦૦ ક્યૂ.મી કુદરતી ગેસના વધુ જથ્થાની જરૂરિયાત હોવાનો ઉલ્લેખ કરી આ માંગણીને ગેઇલ ઇન્ડિયા લિમિટેડ ધ્યાનમાં લેતી ના હોવાની ફરિયાદ સાથે પોતાનું દુઃખ વ્યક્ત કરતાં અશોકભાઇ ચૌધરીએ જણાવ્યું છે કે ; આ કંપની પોતાના ભૂતકાળના કરાર પ્રમાણે ૩૨૫૦૦ ક્યુ.મીટર ગેસનો જથ્થો આપવામાં નિષ્ફળ રહી છે અને મારી ડેરીને જરૂરિયાતની ખૂબ ઓછો પ્રતિદિન માત્ર ૪૯૦૨ ક્યુ.મીટર ગેસ પ્રાપ્ત થાય છે જેના કારણે અન્ય સાબરમતી ગેસ જેવી કંપનીઓ પાસેથી ગેસ ખરીદવાની મજબૂરીના પરિણામે આ દૂધસંઘને માસિક આશરે ૧ કરોડથી વધુનું નુકશાન થવા પામે છે !! પ્રધાનમંત્રીશ્રીને આ અંગે રજૂઆત કરતાં દૂધસાગરના અધ્યક્ષશ્રી.એ જણાવ્યું છે કે ; અમારી ડેરીને ગેઇલ ઇન્ડિયા લિમિટેડ તરફથી પ્રતિદિન જો ૬૦૦૦૦ ક્યુબિક મીટર ગેસની પ્રાપ્તિ થાય તો ખાનગી કંપનીનો મોંઘો ગેસ તેમજ ફર્નેશ ઓઇલની ખરીદી બંધ થવાના પરિણામે પ્રોસેસિંગ ખર્ચ ઓછો આવવાને પરિણામે મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘને માસિક અંદાજીત ૨ ( બે )કરોડથી વધુ ફાયદો થવાના કારણે આ સંઘના દૂધ ઉત્પાદકોને વાર્ષિક ૨૪ કરોડ રૂપિયાનો સીધો ફાયદો થવાના પરિણામે તેઓને વધુ વળતર આપવા આ સંઘ સક્ષમ બની શકે !! પોતાની આ ધારદાર રજૂઆતને આગળ કરતાં મહેસાણા જિલ્લામાં ગેઇલ ઇન્ડિયા લિમિટેડ દ્વારા ગેસનો પુરવઠો વધારવામાં આવે તો પશુપાલકોની સાથે અન્ય નાના મોટા સ્થાનિક ઉદ્યોગોને પણ લાભ થવાની વાત દૂધસાગર વતીથી ચેરમેનશ્રી. એ પ્રધાનમંત્રીને કરી અને પોતાની કેન્દ્રીય મંત્રીશ્રીઓની અંગત મુલાકાત વેળાએ આ બાબતથી માનનીય શ્રી. પુરુષોત્તમભાઇ રૂપાલાજી તથા માનનીય શ્રી. મનસુખભાઇ માંડવિયાને અવગત કરાવી ૪૮ કલાકમાં અત્યારે ૧૦૦૦૦ ક્યુબિક મીટર નેચરલ ગેસ મેળવવામાં સફળતા પ્રાપ્ત કરી છે . આ અંગે દૂધસાગર પત્રિકા સાથે વાત કરતાં ચેરમેનશ્રી એ જણાવ્યું કે ; હજી આ દિશામાં મહેનત ચાલુ રહેશે અને પ્રતિદિન ૬૦૦૦૦ ક્યુ.મીટર ગેસ મેળવવાનો આપણો પ્રયત્ન યથાવત રહેશે .







## રણમાં ખીલ્યું ગુલાબ

નિયામક મંડળના સભ્યો સાથે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઇ ચૌધરી જ્યારે સમી સાંજે આદરણીય કેન્દ્રીય મંત્રીશ્રી. મનસુખભાઇ માંડવિયાના અધિકૃત નિવાસ સ્થાને આ નેચરલ ગેસની સમસ્યાને લઇ પહોંચ્યા ત્યારે પાછા નિકળતી વખતે માંડવિયા સાહેબ બોલ્યા : બધાએ મારા ત્યાં કાઠીયાવાડી ભોજન લઇને જવાનું છે તે ત્યારે અશોકભાઇ એ કહ્યું ... સાહેબ તકલીફ ના લો ? ... અમે ૨૦ થી વધું માણસો છીએ અને સમય પણ ખૂબ થયો છે !! ત્યારે , કેન્દ્રીય મંત્રીશ્રીએ કહ્યું ... આજે તો આખી દૂધસાગર મારા ઘરે આવી છે !! જમ્યા વગર મોકલું તો ઉત્તર ગુજરાતમાં મારૂં આખુ સૌરાષ્ટ્ર લજવાય ... અને ... પછી તો શું છે ? ભાવે સૌરાષ્ટ્રની ધરાનાં ભોજન દિલ્હીમાં પિરસાણા અને કેન્દ્રીય મંત્રીશ્રી સાથે સૌએ બાજરાનો રોટલો અને રીંગણાનો ઓરો આરોગ્યો : આ વાત કરવાનો અર્થ ?માત્ર એ છે કે ; સરળતા માણસને જીભ અને હૃદય બંનેમાં આદર અને મીઠાશ અપાવે છે .... જય હો દૂધસાગર !!

# દિલ્હી બાદ હવે દૂધસાગર ડેરી હિમાચલ પ્રદેશમાં કરશે દૂધનો કારોબાર

( અહેવાલ : દૂધસાગર પત્રિકા)

મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘમાં સત્તાના પરિવર્તન બાદ ચેરમેન શ્રી તથા નિયામક મંડળની સુજબુઝ તથા વ્યવહારિક અભિગમ ને પરિણામે ગુજરાત તથા કેન્દ્ર સરકાર તેમજ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમુલ) સાથેના સમન્વયના પરિણામે દૂધસાગરને વિકાસના પંથે લઈ જવા સંપૂર્ણ મદદ મળી રહી છે. ચેરમેનશ્રી અશોક ચૌધરીના પ્રયત્નો પરિણામે તાજેતરમાં દૂધસાગર ડેરીને મિલ્ક માર્કેટિંગ ફેડરેશન દ્વારા હિમાચલ અને હરિયાણામાં પ્લાન્ટ સ્થાપવાની પરવાનગી આપવામાં આવી છે.

દૂધ અને દૂધની બનાવટોનું એક વિશાળ બજાર અમૂલ બ્રાન્ડ પાસે ઉપલબ્ધ હોવા છતાં વિતેલા દશ વર્ષોમાં આપણે તેનો નહિવત લાભ મેળવી શક્યા છીએ. દૂધસાગર સાથે જોડાયેલા લાખો પશુપાલકોના જીવન ધોરણને નવી ઉંચાઈઓ બક્ષવી હોય તો સ્થાનિક બજારોની સાથે સાથે આપણે અન્ય નવા વિકલ્પ પણ વિચારવા પડશે અશોકભાઈ ચૌધરીના આ વિચારોને આવકાર આપતાં ફેડરેશન દ્વારા પણ આ વાત વધાવી લેવામાં આવી છે. જેના પરિણામ સ્વરૂપ હિમાચલ પ્રદેશના હમીરપુર તથા હરીયાણા રાજ્યના કરનાલ શહેર નજીક સંઘને નવીન પ્લાન્ટ સ્થાપવાની પરવાનગી મળી ચુકી છે. ત્યારે સંઘ દ્વારા ભાડાના પ્લાન્ટ




## પહાડી વિસ્તારમાં દૂધ એકત્રીકરણ અને દૂધસાગરની વિવિધ બ્રાન્ડનું થશે ઉત્પાદન

રાખી નૂતન શરૂઆત કરાશે. હિમાચલ પ્રદેશના પહાડી વિસ્તારોમાં પશુપાલનનો વ્યવસાય સમૃધ્ધ થવાની તમામ સંભાવનાઓ જણાઈ રહી છે. ત્યારે દૂધસાગર ડેરી આ વિસ્તારમાં દૂધ સંપાદન અને વિતરણ કરવાની વ્યવસ્થિત શૃખંલા સ્થાપી વિકાસના પંથે આગળ વધશે તેવુ નિયામક મંડળ માની રહ્યું છે. એક વ્યવસ્થિત શાસનની સ્થાપના કોઈપણ સંસ્થાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપે છે ત્યારે હવે મહેસાણાની દૂધસાગર હિમાચલપ્રદેશ ના રમણીય પ્રદેશોમાં પણ દૂધનો સાગર લહેરાવવાની સંપૂર્ણ તૈયારીઓને આખરી ઓપ આપી રહી છે.

## કોરોનાના કપરાકાળમાં નિયામક મંડળે પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવ્યું

# મહેસાણાની દૂધસાગર ડેરીનો ઓક્સિજન પ્લાન્ટ સાંઈક્રિષ્ના હોસ્પિટલ ખાતે કાર્યરત થયો




(તસ્વીર : દૂધસાગર પત્રિકા)

છેલ્લા એક વર્ષથી સમગ્ર વિશ્વ સહિત ભારત કોવિડ-૧૯ના પડકારજનક પરિસ્થિતિનો સામનો કરી રહ્યું છે. આ વિકટ સમય દરમિયાન સરકારની સાથે સાથે વિવિધ સંસ્થાઓ પણ યોગદાન આપે તે સમયની માંગ છે. ત્યારે મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘના ચેરમેન સહિત નિયામક મંડળે સંભવિત કોરોનાની ત્રીજી લહેર દરમિયાન ઓક્સિજનની ઉણપ ન વર્તાય તે માટે મહેસાણા ખાતે આવેલ સ્પેશિયલ કોવિડ હોસ્પિટલ સાંઇ ક્રિષ્નામાં ઓક્સિજન પ્લાન્ટ સ્થાપી પોતાનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે. આ બાબતે દૂધ સાગર પત્રિકા સાથે વાત કરતાં સંસ્થાના ચેરમેન શ્રી અશોકભાઇ ચૌધરીએ જણાવ્યું કે, દૂધસાગર ડેરી માત્ર દૂધ અને તેની બનાવટો વેચી સંતોષ માની લે એટલી ટૂંકી દ્રષ્ટી ના અપનાવી શકાય. આપણી દૂધસાગર ડેરી સ્વ. માનસિંહભાઇ પટેલ અને સ્વ. મોતીભાઇ ચૌધરીએ આપણને આપેલી ધરોહર છે. ત્યારે દેશ આખો જ્યારે કોરોનાના કપરા કાળમાંથી પસાર થઇ રહ્યો હોય ત્યારે આપણે સંસ્થાના નફા નુકશાનનું ગણિત પછી ગણીશું અત્યારે હું અને મારું સાથી નિયામક મંડળ સ્પષ્ટ માને છે કે, આ સમય સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવાનો છે.

ઉલ્લેખનિય છે કે, દૂધસાગર ડેરી મહેસાણા દ્વારા કોરોનાની સંભવિત ત્રીજી લહેર સામે આગોતરા આયોજન તરીકે આ વિસ્તારની જનતાની સેવાના ભાગરૂપે સ્થાપવામાં આવેલ ઓક્સિજન પ્લાન્ટ M3/Hr ઓક્સિજન (વીસ ઘન મીટર પ્રતિ કલાક) એટલે કે, ૩૩૪ લીટર પ્રતિ મિનિટની ક્ષમતા ધરાવે છે. અંદાજિત ૨૮ લાખ રૂપિયાના ખર્ચે ઉભો કરવામાં આવેલો આ પ્લાન્ટ જ્યારે પરિસ્થિતિ અનુકુળ બનશે ત્યારે નાઇટ્રોજન ઉત્પાદન માટે રૂપાંતરિત કરી પાવડર પ્લાન્ટના ઉપયોગમાં લેવાય તેવી દીર્ઘ દ્રષ્ટી રાખવામાં આવેલ છે.

આ ઓક્સિજન પ્લાન્ટથી દૈનિક મોટી કદની ૭૨ બોટલનું ઉત્પાદન થવા પામશે. સંભવિત કોરોનાની ત્રીજી લહેરમાં ૫૦ થી વધુ દર્દીઓને સરળતાથી ઓક્સિજન ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સદર ઓક્સિજન પ્લાન્ટને લઈ દૂધસાગર ટીમના નિષ્ણાત અધિકારીઓએ ભારે જહેમત ઉઠાવી સરાહનીય કામગીરી બતાવી છે.

## દૂધસાગરના વહિવટદારોએ કોરોનાની મહામારીના નાજુક સમયમાં માનવતાનો અભિગમ અપનાવ્યો



**આપ દૂધસાગર ડેરીની સેવાઓમાંથી નિવૃત્ત થયા છો : આ ડેરીના હૃદયમાં તો સદા આપનું સ્થાન અવિસ્મરણીય છે - અશોક ચૌધરી**

મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ ( દૂધસાગર ડેરી )ના વહિવટની કમાન જ્યારથી પરિવર્તન પેનલ અને તેના પ્રથમ ચેરપર્સન શ્રી. અશોકભાઇ ચૌધરીના પક્ષે હસ્તાંતરિત થઇ ત્યારથી પશુપાલક અને આ સંસ્થા સાથે જોડાયેલા તમામ કર્મચારીઓનું હિત સચવાય તે મુજબના નિર્ણયો સતતના ધોરણે લેવાઇ રહ્યા છે ! દૂધસાગર ડેરીના આંગણે આગામી પાંચ દિવસ બાદ તા. ૩૧/ ૦૫/ ૨૦૨૧ના રોજ વય નિવૃત્તિને કારણે સેવામાંથી નિવૃત્ત થનારા ૨૬ કર્મચારીઓને તેમના નોકરી કાળ દરમિયાન મળવાપાત્ર થતા લાભો, બચતો અને ધારાધોરણો અનુસાર મળતી તમામ રકમના ચેકનું વિતરણ દૂધસાગર ડેરીના CHAIRMAN અને MD શ્રી. ની હાજરીમાં વિતરીત કરવામાં આવ્યા !! અત્યંત સાદગીપૂર્ણ અને સમયની માંગને અનુરૂપ આ કાર્યક્રમમાં ચેરમેન શ્રી. અશોકભાઇ ચૌધરીએ વયનિવૃત થયેલા તમામ કર્મચારીઓ સાથે વ્યક્તિગત ભાવાત્મક વાતચીત કરી સૌને આવનાર સમય પરિવાર સાથે સુખરૂપ અને સુરક્ષિત રીતે વિતે તે માટે શુભકામનાઓ પાઠવી હતી !!

**નાજુક સમયની આ ક્ષણોમાં દૂધસાગર સાથે જોડાયેલા તમામ લોકો એક વિશાળ પરિવારના સભ્યો છે. એમની કાળજી રાખવી અને માંગે તે પહેલાં એમનો હક એમના હાથમાં આપી દેવો એવી શિખામણ તો સ્વ. માનસિહભાઇ અને સ્વ. મોતીભાઇ આપણને વારસામાં આપી ગયા છે !!**

## ડેરીમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે વિશ્વની નામાંકિત દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેન શ્રી. અશોકભાઇ ચૌધરીએ દૂધસાગરની હરિયાળી ધરતી ઉપર પોતાના સ્વહસ્તે એક વધુ વૃક્ષ વાવી પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતાં આ પરિવાર સાથે જોડાયેલા લાખો પશુપાલકોને વૃક્ષારોપણ થકી જ વિશ્વની રક્ષાનો સંદેશ આપ્યો હતો !! કોરોના મહામારી જેવા વિકટ સમયથી અને કલાઇમેન્ટ ચેન્જની વિપરીત અસરોથી સુરક્ષિત રહેવા હવે વૃક્ષ એ જ આપણું રક્ષક બની શકે તેમ છે !! આ ધરતી ઉપર પહેલો અધિકાર વૃક્ષનો છે અને એ સિવાય માનવજાત અસુરક્ષિત છે જેવા મૌલિક વિચારો રજુ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે; મહેસાણા જીલ્લા દૂધ ઉત્પાદક સંઘના તમામ વરિષ્ઠ અધિકારીઓ આ પ્રસંગે હાજર રહ્યા હતા .

## ૬ લાખ પશુપાલકોએ નવો કિર્તીમાન સ્થાપિત કર્યો

# દૂધસાગર ડેરીએ કોરોનાના કપરા કાળમાં પોતાનું સામાજિક ઉત્તર દાયિત્વ નિભાવ્યું





**દૂધસાગર ડેરી અને આર્યુવેદ શાખાના સંયુક્ત ઉપક્રમે ૧૪૦૦ ગામડાઓની દૂધ મંડળીઓ પર ૬ લાખ પશુપાલકોને ઉકાળા વિતરણ**

ઉત્તર ગુજરાતના હજારો ગામડાઓને સન્માનપૂર્વકનો રોજગાર આપતી દૂધસાગર ડેરી વર્તમાન સમયે કોરોના મહામારીના કપરા કાળમાં પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવામાં પણ સરાહનીય ભૂમિકા ભજવી રહી છે. વર્તમાન સદીમાં આવી પડેલી એક અકલ્પનીય તેવી કોરોના મહામારીના બીજા તબક્કામાં દૂધસાગર અને જિલ્લા પંચાયતના આર્યુવેદ શાખાના ઉપક્રમે ડેરી તંત્રનો સદ્ઉપયોગ કરી દૂધસાગર સાથે સંકળાયેલી ૧૪૦૦ ગામડાઓની દૂધ મંડળીઓ ઉપરાંત વિવિધ શીતકેન્દ્રો અને અન્ય ઉત્પાદન સ્થળોએ પશુપાલકોમાં રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય તેવા શુભ આશયથી એક સાથે આર્યુવેદિક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેનો એક સાથે ૬ લાખ લોકોએ લાભ લઇ એક નવો કિર્તિમાન સ્થાપિત કર્યો હતો. કોરોનાની પરિસ્થિતિમાં દૂધસાગર સાથે જોડાયેલા હજારો કર્મચારીઓએ ગામડામાં આ રોગથી બચવાના જનજાગૃતિના વિવિધ પ્રયાસો થકી દૂધસંપાદન અને દૂધ વિતરણની કામગીરી સુચારુ રૂપે જળવાઈ રહે તે માટે નિયામક મંડળના માર્ગદર્શન હેઠળ દર્શનીય કામગીરી કરી હતી. નોંધનીય છે કે, દૂધસાગરના ચેરમેન શ્રી.એ આ તબક્કે એક વિડીયો સંદેશ કરી પશુપાલકોનું મનોબળ વધાર્યું હતું.

## દૂધસાગર ડેરીના નવનિયુક્ત ચેરમેન અશોક ચૌધરી એક્શન મોડમાં

## કોન્ટ્રાક્ટ બેઝ પર ટેન્કરમાં જતાં ૧૨૩ દૂધના સેમ્પલરને રદ કરી વાર્ષિક દૂધસાગરના ૨ કરોડ ૨૧ લાખ ૪૦ હજાર રૂપિયા બચાવ્યા

મહેસાણા દૂધસાગર ડેરીમાં અગાઉના સત્તાધીશો દ્વારા નિયમોની જોગવાઇ વિરુદ્ધ દૂધના ટેન્કરમાં કોન્ટ્રાક્ટ આધારિત દૂધના સેમ્પલ લેનારા કર્મચારીઓને રોજના ૬૫૦ રૂપિયાનું મહેનતાણું આપી રાખવામાં આવ્યાં હતા. જો કે ; અગાઉ આ કામગીરી ટેન્કરના કર્મચારી જ કરતાં આવતાં હતા અને તેમાં કોઇ ગફલત પકડાય તો તે માટે ટેન્કરના માલિકની જવાબદારી માની પેનલ્ટીની રકમ વસૂલવામાં આવતી હતી. પરંતુ , સેમ્પલ લેવામાં કોન્ટ્રાક્ટ આધારિત વ્યવસ્થા દાખલ કરાતાં ડેરીના માથે રોજના ૬૫૦ લેખે ૧૨૩ કર્મચારીઓ વણજોયતાં ઉભા કરવામાં આવતાં પ્રતિદિન ૬૧,૫૦૦ રૂપિયાનું વધારાનું ભારણ નાખવામાં આવ્યું હતું. નવા નિયામક મંડળની નિયુક્તિ બાદ દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી અશોકભાઇ ચૌધરીના ધ્યાનમાં ઉપરોક્ત બાબત આવતાં તેમણે તાત્કાલિક ધોરણે આ કોન્ટ્રાક્ટને રદ કરી ભૂતકાળની જેમ આ કામગીરી દૂધ ટેન્કરના માલિકોના માથે નાખી આ કામ બદલ તેમણે વધારાના ૧૫૦ રૂપિયા આપવાની શરત સાથે જવાબદેહી સોંપી દેતા ડેરીના માથે દૈનિક ૬૧,૫૦૦ અને માસિક ૧૮ લાખ ૪૫ હજારના હિસાબે વાર્ષિક ૨ કરોડ ૨૧ લાખ ૪૦ હજારની બચત કરવાનો માર્ગ પકડવામાં આવ્યો હતો. જેનો સીધો ફાયદો આગામી સમયમાં પશુપાલકોને થવા પામશે.



**સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય !!**

લાખો પશુપાલકોની આશા અને અપેક્ષાનું કેન્દ્ર બનેલા મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘના અધ્યક્ષ શ્રી.અશોકભાઇ ચૌધરીએ ગત ૧૫ જાન્યુઆરીના રોજથી સત્તાના સૂત્રો પોતાના હાથમાં લીધા ત્યારથી પોતાનો વ્યકિતગત ખર્ચ દૂધસાગરથી અલગ રાખી - ઘરનું ટીફીન ખાઈ એક નવી પરંપરા શરૂ કરી છે. દૂધસાગરના વહીવટમાં પોતાની સીધી નજર રહે તે માટે સતત દૂધસાગરના સાનિધ્યમાં રહેતા અને અધિકારીઓ સાથે સતત દૂધસાગરને સમજવાનું મનોમંથન કરતાં ચેરમેનશ્રીની એક વાસ્તવિક ઝલક... (તસ્વીર : દૂધસાગર પત્રિકા)

**રહેને કો ઈસ દુનિયા મેં કોઈ આતા નહીં ... પર આપ ગયે માનસિંહ વૈસે કોઈ જાતા નહી**

# મહેસાણા દૂધસાગર ડેરી નિયામક મંડળના યુવાન સદસ્ય માનસિંહભાઈના નિધનથી દૂધસાગરના ઝાડવાં રોયાં !!



મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ ( દૂધસાગર ડેરી ) ના ખેરાલુ - સતલાસણા વિભાગના પરિવર્તન પેનલના યુવાન સદસ્ય માનસિંહભાઈ પુંજાભાઇ ચૌધરી કલ્પના કરતાં હકીકત વધુ આઘાતજનક હોય છે તેમ દૂધસાગરની ગતિને સહેજ અવરોધિત કરતાં હોય એમ અચાનક અનંતના માર્ગ ઉપર અજાણી યાત્રાએ નિકળી ગયા ! નાની ઉમરમાં અનેક પદવીઓ અને અનેક લોકોનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરી આમ મધ્યાહને સૂર્ય આથમી જાય એના વર્ણન કેમ કરવા ? શબ્દો પાસે જો આંસુ વહાવવાની ઔકાદ હોત તો આજે " તૌકતે " વાવાઝોડાં કરતાં પણ વધારે વરસાદ દૂધસાગરના દરેક વિસ્તારમાં આંસુઓનો હોત એક રીતે કહો તો ; દૂધસાગરના ઝાડવાં રોયાં છે !!

સ્વ . માનસિહભાઇને આજે દૂધસાગરના તમામ વિવિધ એકમો ખાતે ભાવસભર અને ભારે હૈયે શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી. દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઇ ચોધરી, નિયામક મંડળના સભ્યશ્રીઓએ મહેસાણા દૂધસાગર પરિવાર સાથે પોતાના સાથી મિત્ર એવા માનસિંહભાઇને છેલ્લા રામ રામ કર્યા ત્યારે સમગ્ર માહોલમાં ગમગીનીના વિષાદી વાદળો ઘેરાઇ ગયા !!

એજ રીતે ... ધારૂહેડા અને માનેસર ડેરી ખાતે પણ થોડાક સમયમાં અનેક ગણું આપી ગયેલા સ્વ. માનસિંહભાઇને શ્રધ્ધા સૂમન અર્પણ કરાયા !! રાજસ્થાન જયપુર ઓફિસના



કર્મચારી મિત્રોએ પણ આ થોડાક સમયના મનગમતા મહેમાન એવા માનસિંહભાઇને આખરી આવજો કહી અણદીઠી યાત્રા માટે આખરી મૌનનો આશરો લીધો.

મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ ( દૂધસાગર ડેરી )ના ખેરાલુ સીટના ડિરેક્ટર્સ અને દૂધસાગર ડેરી તથા પશુપાલકો માટે સતત કંઈક કરી છૂટવાની ભાવના, કોમળ હૃદય " નિરાભિમાની વ્યક્તિત્વ " નાની ઉંમર - અરે !! હજી તો ચાલીસના પરિપક્વ દશકામાં પગ મૂક્યો અને અચાનક ઉપર વાળાનું તેડું ? માનસિંહભાઈ ... આપને દૂધસાગર પત્રિકા તરફથી શત્ શત્ નમન અને ભાવસભર શ્રધ્ધાંજલિ !!

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.